11

યક્ષ: અજ્ઞાન શું છે?
યુધિષ્ઠિર: અહંકાર

“એક માણસ પાસે Degree હતી… Knowledge હતું…
Experience પણ હતું…

પણ છતાં એ જીવનમાં વારંવાર હારતો હતો… કારણ કે એને લાગતું હતું —
‘મને બધું જ ખબર છે!’”

Mahabharata માં યક્ષે પૂછ્યું:
“અજ્ઞાન શું છે?”

અને Yudhishthira એ જવાબ આપ્યો:
“અહંકાર.”

આપણે સામાન્ય રીતે અજ્ઞાન એટલે “ન આવડવું” સમજીએ છીએ… પણ સાચું અજ્ઞાન એ છે —
જ્યારે માણસ શીખવાનું બંધ કરી દે.

આજકાલ ઘણા લોકો
સલાહ સાંભળતા નથી…
ભૂલ સ્વીકારતા નથી…
અને પોતાની જ વાતને અંતિમ સત્ય માને છે.

એ જ અહંકાર છે.
અને એ જ પ્રગતિનો સૌથી મોટો દુશ્મન છે.

Dr. A.P.J. Abdul Kalam એક વખત વિદ્યાર્થીઓ સાથે વાત કરી રહ્યા હતા.

એક વિદ્યાર્થીએ પૂછ્યું:
“Sir, તમે એટલા મોટા Scientist છો…
તો હવે તમને બધું આવડી ગયું હશે ને?”

કલાકમ સાહેબ હસ્યા…
અને ખૂબ સુંદર જવાબ આપ્યો:

“જે દિવસે હું વિચારું કે મને બધું આવડે છે… એ દિવસે મારી વૃદ્ધિ બંધ થઈ જશે.”

એટલા મોટા વૈજ્ઞાનિક હોવા છતાં
તેમની અંદર નમ્રતા હતી.
કારણ કે સાચું જ્ઞાન માણસને નમ્ર બનાવે છે… અહંકારી નહીં.

યાદ રાખજો…

ખાલી વાસણ જ વધુ અવાજ કરે છે.
ફળોથી ભરેલું ઝાડ હંમેશા નમેલું હોય છે.

જે માણસ “હું” માં જીવે છે…
એ શીખવાનું ગુમાવે છે.

અને જે માણસ “હજુ શીખવાનું બાકી છે” એમ માને છે… એ જ જીવનમાં સૌથી આગળ વધે છે.

✨
“જ્ઞાનની શરૂઆત ત્યારે થાય છે…
જ્યારે અહંકારનો અંત થાય છે.”
✨